Mission Schools of Excellence પ્રોજેકટ અંતર્ગત અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ડિજીટલ સુવિધા પુરી પાડવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ,

ઠરાવ ક્રમાંકઃ બજટ/૧૧૨૦૨૦/૪૮/ચ

સચિવાલય, ગાંધીનગર

તા.૦૧/૦૧/૨૦૨૪

**વંચાણે લીધા:-**

(૧) શિક્ષણ વિભાગના તા.૧૦/૧૧/૨૦૨૦ ના ઠરાવ-ક્રમાંક: બજટ/૧૧૨૦૨૦/૪૮/ચ

(૨) શિક્ષણ વિભાગના તા.૨૦/૦૪/૨૦૨૩ ના ઠરાવ-ક્રમાંક: BJT-112020-1969-CH

**પ્રસ્તાવના:**

ઉપર્યુક્ત વંચાણે લીધેલ ક્રમ(૧) પરના ઠરાવથી રાજ્યની પ્રાથમિક શાળાઓમાં મિશન સ્કૂલ્સ ઑફ એકસેલેન્સ (Mission Schools of Excellence) અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં EDN-2 હેઠળ નવી બાબત તરીકે થયેલ જોગવાઇ મુજબની રકમનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપેલ છે.

ઉક્ત વંચાણે લીધેલ ક્રમ(૨) પરના ઠરાવથી રાજ્યમાં શાળાકીય શિક્ષણની ગુણવત્તા અને શાળાઓની ભૌતિક સુવિધા પુરી પાડવા માટે વિશ્વબેંક (The World Bank) અને એશિયન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ બેંક (AIIB) પુરસ્કૃત GOAL પ્રોજેક્ટને મંજૂરી મળેલ છે.

ઉક્ત બંન્ને ઠરાવની વિગતે રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓની જેમ અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પણ વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ ડિજીટલ સુવિધાઓ અને સવલતો મળી રહે તે માટે રાજ્યની ૯૦થી વધુ વિદ્યાર્થીઓનું નામાંકન ધરાવતી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ડિજીટલ માળખાકીય સુવિધાઓ જેવી કે સ્માર્ટ ક્લાસ, કોમ્પ્યુટર લેબ અને સ્ટેમ લેબ જેવી સુવિધાઓ સમગ્ર શિક્ષાની કચેરી દ્વારા પુરી પાડવા અંગેની બાબત સંરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે રાજ્યની ૯૦થી વધુ વિદ્યાર્થીઓનું નામાંકન ધરાવતી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ડિજીટલ માળખાકીય સુવિધાઓ જેવી કે સ્માર્ટ ક્લાસ, કોમ્પ્યુટર લેબ અને સ્ટેમ લેબ વિગેરે સુવિધાઓ સમગ્ર શિક્ષાની કચેરી દ્વારા મિશન સ્કૂલ્સ ઑફ એકસેલેન્સ (Mission Schools of Excellence) પ્રોજેકટ અંતર્ગત પુરી પાડવા અંગે આથી મંજૂરી આપવામાં આવે છે.

૨. પ્રસ્તુત ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકવાળી ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૨૭/૧૨/૨૦૨૩ની નોંધથી મળેલ મંજુરી અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જયશ્રી દેવાંગન, IAS)

સંયુક્ત સચિવ,

શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- અગ્ર-સચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (પ્રા.શિ.)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં-સલાહકારશ્રી(શિક્ષણ), નાણાં-વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- બજેટ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી, સમગ્ર શિક્ષાની કચેરી, સેકટર-૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (નિયામકશ્રી, શાળાઓની કચેરી મારફત)
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ (નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત)
- એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત)
- સિલેક્ટ ફાઇલ